પંચકર્મ-અગ્નિકર્મ-વેધનકર્મ-મર્મ(ર્મગ્રહ): (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈધરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈધશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩


Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER



સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેકસ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ બારસ બુધવાર ૭ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૪

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# CECનાં રાજીનામાની માગ સાથે દિલ્હીમાં હંગામો

## એર માર્શલ આશુતોષ દીક્ષિત આગામી એર ચીફ માર્શલ તરીકે નિયુક્ત



નવી દિલ્હી, તા. 6 (PTI): 20થી વધુ પ્રકારના વિમાનો પર 3,500 કલાકથી વધુ ઉડાનનો અનુભવ ધરાવતા કુશળ ફાઈટર પાઈલટ એર માર્શલ આશુતોષ દીક્ષિત, વર્તમાન એર ચીફ માર્શલ એપી સિંહના સ્થાને ભારતીય વાયુસેનાના આગામી વડા બનશે. એમ સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જાહેરાત કરી હતી. વ્યૂહાત્મક આયોજન માટે જાણીતા અને 'ઓપરેશન સિંદૂર' દરમિયાન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર દીક્ષિત હાલમાં વાયુસેનાના વાઈસ ચીફ તરીકે સેવા આપી રહ્યા છે. 4 દાયકાની તેમની વિશિષ્ટ કારકિર્દીમાં એર માર્શલે વિવિધ કમાન્ડ, સ્ટાફ અને ઈન્સ્ટ્રુશનલ હોદ્દા સંભાળ્યા છે. સરકારે એર માર્શલ આશુતોષ દીક્ષિતને 31 ઓક્ટોબરની બપોરથી વાયુસેનાના 29મા વડા તરીકે નિયુક્ત કર્યા છે. એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ તે દિવસે નિવૃત્ત થશે. 9 ડિસેમ્બર, 1966ના રોજ જન્મેલા એર માર્શલ દીક્ષિત 6 ડિસેમ્બર, 1986ના રોજ ભારતીય વાયુસેનાની ફાઈટર સ્ટ્રીમમાં નિયુક્ત થયા હતા. વાયુસેનાના વાઈસ ચીફ તરીકેનો કાર્યભાર સંભાળતાં પહેલાં તેમણે હેડક્વાર્ટર ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ ખાતે ચેરમેન, ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી (સીઆઈએસસી) તરીકે સેવા આપી હતી.

**રાહુલ-પ્રિયંકાના** 8 કલાક ધરણાં

**2 કલાક** અટકાયતમાં રાખી છોડી દેવાયા

**અખિલેશ** અને અભિષેક જેવા નેતાઓ સહિત આશરે 250 કાર્યકરોની અટકાયત કરાઈ

**ઈન્ડિયા** ગઠબંધનના ભૂતપૂર્વ સભ્યો ડીએમકે અને આપના નેતાઓ આ માર્ચથી દૂર રહ્યા

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે વિરોધ પક્ષના નેતાઓએ દિલ્હીમાં કરેલા માર્ચ દરમિયાન રસ્તાઓ પર હંગામો જોવા મળ્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી મંગળવારે વિપક્ષના શેરી વિરોધ પ્રદર્શનોના કેન્દ્રસ્થાને રહ્યા હતા. ઈલેક્શન કમિશનની ઓફિસ તરફ માર્ચ કરી રહેલા વિપક્ષી સાંસદોને રોકવામાં આવ્યા બાદ તેમણે 8 કલાકથી વધુ સમય સુધી ધરણાં કર્યા હતા, જેના કારણે પાર્લમેન્ટ સ્ટ્રીટ પર સંપૂર્ણ લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ હતી અને અંતે તેમની બળજબરીપૂર્વક અટકાયત કરવામાં આવી હતી.

આશરે 2 કલાક સુધી અટકાયતમાં રાખ્યા બાદ રાત્રે 10 વાગ્યા પછી લોકસભામાં વિપક્ષના નેતા અને અન્ય નેતાઓને મુક્ત કરવામાં આવ્યા હતા.

પોલીસના ભારે બેરિકેડિંગ વચ્ચે સવારે 10 વાગ્યાની આસપાસ સંસદ ભવનથી "વોટ ચોરી"ના આક્ષેપ સાથે વિપક્ષની માર્ચ શરૂ થવાની સાથે જ દિવસભર હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો.માર્ચ દરમિયાન રાહુલ ગાંધી સ્ટીલના મલ્ટી-લેયર બેરિકેડ્સ પર ચડી ગયા હતા અને ત્રિરંગો લહેરાવ્યો હતો. બાદમાં તેઓ પોલીસ સુરક્ષા વલય તોડીને નજીકના ઓલ ઈન્ડિયા રેડિયોના પરિસરમાં ઘૂસી ગયા હતા. તેમણે પત્રકારો સાથેની વાચચીતમાં જણાવ્યું, 'હું ફક્ત મુખ્ય ચૂંટણી કમિશનરને મળીને એ કહેવા માગુ છું કે તેમણે 'વોટ ચોરી' કરી છે. હું અહીં આરામથી બેસી શકું છું. જો તેઓ અમને અહીં બેસવા દેવા ન માગતા હોય તો અમને બેસવા માટે કોઈ અન્ય જગ્યા આપે.'





### બીજેડીના સાંસદો ઈન્ડિયા ગઠબંધનના માર્ચમાં જોડાયા

ઈન્ડિયા (INDIA) ગઠબંધનનો હિસ્સો ન હોવા છતાં બીજુ જનતા દળ (BJD)ના સાંસદો પણ વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા. બીજેડીના સાંસદ માનસ મંગરાજના અને સુલતા દેવ પણ આ પ્રદર્શનમાં જોડાતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી હતી. જોકે, આ અંગે સ્પષ્ટતા કરતા બીજેડીના મહિલા સાંસદ સુલતા દેવે જણાવ્યું હતું કે, 'બીજેડી વિરોધ માર્ચમાં જોડાઈ રહ્યું છે, પરંતુ અમારા નેતા નવીન પટનાયકે અગાઉથી જ સ્પષ્ટ કરી દીધું છે કે અમે નથી ઈન્ડિયા (INDIA) ગઠબંધન સાથે કે નથી એનડીએ (NDA) સાથે. અમે એક જવાબદાર પ્રાદેશિક રાજકીય પક્ષ છીએ.'
બીજેડી સાંસદોની હાજરી અંગે કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે, 'આજના આકાશવાણી ભવન સામે રોકવામાં આવેલા માર્ચમાં ઈન્ડિયા ગઠબંધનના સાંસદો ઉપરાંત બીજેડીના સાંસદો પણ જોડાયા હતા. 'વોટ ચોરી' કે સીમાંકનનો મુદ્દો હોય, વડાપ્રધાન અને ગૃહમંત્રીની જોડીના કાવતરાઓને હરાવવા માટે વિપક્ષની એકતા સતત જળવાઈ રહેશે.'

**પ્રદર્શનમાં ઈન્ડિયા ગઠબંધનના ભૂતપૂર્વ સભ્યો ડીએમકે અને આમ આદમી પાર્ટી (આપ)ના નેતાઓ આ માર્ચથી દૂર રહ્યા હતા**

પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા નેતાઓને બળપૂર્વક ઉપાડીને બસો અને પોલીસ વાહનોમાં બેસાડ્યા હતા. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ભારે ધક્કામુક્કી થઈ હતી, જેમાં એક પોલીસકર્મી રાહુલ ગાંધીને પાછળથી હાથ ભીંસીને પકડી રાખતો જોવા મળ્યો હતો. દિલ્હી પોલીસે આ વિરોધ પ્રદર્શન દરમિયાન આશરે 250

...અનુસંધાન પાના 11 પર



### રાહુલે સ્ટિંગ પીધી અને બહેન પ્રિયંકાને પણ ઓફર કરી

સામાન્ય રીતે નહેરુ-ગાંધી પરિવારના વારસદાર પાસેથી મોંઘા રેડ બુલ જેવા એનર્જી ડ્રિંકની અપેક્ષા રાખવામાં આવતી હોય છે, પરંતુ બપોરે ગરમીથી બેહાલ થયેલા રાહુલ ગાંધીએ માત્ર રૂ. 20ની લાલ રંગની 'સ્ટિંગ' એનર્જી ડ્રિંકની બોટલમાંથી ઘૂંટડો ભર્યો હતો. રાહુલે બોટલમાંથી ડ્રિંક પીધા બાદ પોતાની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા તરફ બોટલ લંબાવી હતી અને તેને આ ડ્રિંક ટ્રાય કરવા કહ્યું હતું. પ્રિયંકાએ બોટલ હાથમાં લઈ તેને સુંઘી જોઈ અને હિચકિચાટ દર્શાવીને પીવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. રાહુલ અને પ્રિયંકા વચ્ચેના આ ક્યૂટ ભાઈ-

...અનુસંધાન પાના 11 પર

## પ્રિયંકા ગાંધી સાથે 8 કલાક સુધી ઝાડ નીચે ધામા નાખ્યા

**આકાશવાણી** ભવનમાં હાઈવોલ્ટેજ નાટક: બેરિકેડ્સ કૂદી અંદર ઘૂસ્યા રાહુલ ગાંધી

**આકાશવાણીના** કર્મચારીઓએ રાહુલ પ્રિયંકા સાથે સેલ્ફી લીધી

**નેતાઓ** માટે ચિપ્સ, કોક અને 'ખાન ચાચા'ના રોલ્સથી લઈ મચ્છર ક્રીમ સુધીની વ્યવસ્થા કરાઈ

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): ચૂંટણી કમિશનરના રાજીનામાની માગ સાથે નીકળેલો વિપક્ષનો માર્ચ જ્યારે સમાપ્ત થવાના આરે હતો, ત્યારે એક અણધાર્યા વળાંકે દિલ્હીના રાજકારણમાં ભારે ઘમાસાણ સર્જી દીધું હતું. બપોરે નીતિ આયોગ નજીક લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અચાનક સ્ટીલના મલ્ટી-લેયર બેરિકેડ્સ પર ચડી ગયા હતા અને હાથમાં ત્રિરંગો લહેરાવીને સમર્થકોનો ઉત્સાહ વધાર્યો હતો.

તેઓ નીચે ઉતર્યા કે તરત જ પોલીસે વિપક્ષી નેતાઓને પકડવાની કાર્યવાહી શરૂ કરી દીધી. અખિલેશ યાદવ, અભિષેક બેનર્જી, ડેરેક ઓ'બ્રાયન જેવા અન્ય તમામ મુખ્ય નેતાઓની અટકાયત કરીને પોલીસ

...અનુસંધાન પાના 11 પર

## ઉત્તરાખંડમાં 4.9 તીવ્રતાનો ભૂકંપ આવ્યો

**દિલ્હી-**NCR સહિત સમગ્ર ઉત્તર ભારતમાં આંચકા અનુભવાયા

નવી દિલ્હી, તા. 6: ઉત્તરાખંડમાં મંગળવારે રાત્રે 4.9 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના આંચકા દિલ્હી-એનસીઆર, હિમાચલ પ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ રાત્રે આશરે 10:15 વાગ્યે આવ્યો હતો અને તેનું કેન્દ્રબિંદુ ચમોલીમાં હતું. આ ભૂકંપ 13 કિમીની ઊંડાઈએ નોંધાયો હતો.

ભૂકંપના થોડા સમય બાદ દિલ્હી અને નોઈડા તથા ગુરુગ્રામ સહિતના એનસીઆર વિસ્તારો તેમ જ ઉત્તર ભારતના અન્ય અનેક ભાગોમાં આંચકા અનુભવાયા હતા. વિવિધ વિસ્તારોમાં રહેવાસીઓએ ટૂંકા સમય માટે કંપનનો અનુભવ કર્યો હતો.

ઈન્ટરનેટ પર પોતાના અનુભવો શેર કરનારા લોકોએ દિલ્હીથી લઈને શિમલા અને અન્ય અનેક પ્રદેશોના શહેરોમાં આંચકા અનુભવાયા હોવાનું જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટના વકીલ અવની

...અનુસંધાન પાના 11 પર

## ભારતીય પાયલટ સ્મિત મચ્છારનું US કોંગ્રેસમાં સન્માન

**ફ્લાયદુબઈ** ફ્લાઈટ 1073 ના કો-પાયલટના હુમલાને આતંકી કૃત્ય ગણાવી વખોડાયું; સાંસદ જોશ ગોટથૈમરે રજૂ કર્યો પ્રસ્તાવ

વોશિંગ્ટન, તા. 6 (પીટીઆઈ): યુએસ કોંગ્રેસમેન જોશ ગોટથૈમરે ફ્લાયદુબઈ ફ્લાઈટ 1073ના દરેક મુસાફરનું રક્ષણ કરવામાં અસાધારણ સાહસ બતાવવા બદલ ભારતીય પાઈલટ સ્મિત મચ્છારને સન્માનિત કરતો એક પ્રસ્તાવ પ્રતિનિધિ ગૃહમાં રજૂ કર્યો હતો.

ન્યૂ જર્સીના ડેમોક્રેટિક કોંગ્રેસમેન ગોટથૈમરે તેમના પ્રસ્તાવમાં ફ્લાઈટ ડેક સુરક્ષિત કરનાર અને વિમાનને હેમખેમ નીચે ઉતારનાર ડ્યુટી પર ન હોય તેવા પાયલટ્સ, કેબિન ક્રૂ અને મુસાફરોના વીરતાપૂર્ણ કાર્યોની પણ પ્રશંસા કરી હતી.

સોમવારે પ્રતિનિધિ ગૃહમાં રજૂ કરાયેલો આ પ્રસ્તાવ ફ્લાયદુબઈ ફ્લાઈટ 1073 પર થયેલા હુમલાને આતંકવાદના કૃત્ય તરીકે અને આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયનની સુરક્ષા પરના હુમલા તરીકે વખોડે છે.

તેમાં સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતની સરકારો

...અનુસંધાન પાના 11 પર

### દિલ્હી ડાયરી



#### ચૂંટણી પંચના નિર્ણયો સામે સુપ્રીમ કોર્ટની કડકાઈ

સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી પંચ (ઈસીઆઈ)ને ગઈ કાલે આપવામાં આવેલા નિર્દેશોના અનુસંધાનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો એસ. એસ. સંધુ તથા વિવેક જોશીને સ્પષ્ટ કરવા જણાવ્યું હતું કે, મતદાર યાદીના ખાસ સઘન પુનરાવર્તન (એસઆઈઆર) અંગેના મહત્ત્વપૂર્ણ નિર્ણયો સીઈસી દ્વારા એકપક્ષીય રીતે લેવામાં આવ્યા હતા કે નહીં. આ બાબતે વિપક્ષી આઈ.એન.ડી.આઈ.એ. (ઇન્ડિયા) ગઠબંધનના લગભગ 300 સાંસદોએ સંસદ ભવનથી નિર્વાચન સદન સુધી કૂચ કરી હતી. જોકે, વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોને પોલીસે ચૂંટણી પંચના મુખ્યાલય સુધી પહોંચવાની મંજૂરી આપી ન હતી, પરંતુ આમ છતાં તેમણે એક પ્રભાવશાળી દેખાવ કર્યો હતો જેનાથી

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૬-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૯૮૩ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૬.૯૫ ફૂટ | આઉટફ્લો ૭૧૩૯ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૫.૨૦ સે. | ૨૫.૮૦ સે. | ૫૮% |

## જીએસટી દરોમાં હવે વર્ષમાં એક જ વાર ફેરફાર કરાશે

**તમામ** નવા દરો 1 એપ્રિલથી અમલી બનશે

**ઈ-કોમર્સ** ડિલિવરી પર 5% સિંગલ જીએસટી શક્ય

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): જીએસટી કાઉન્સિલ હવે ટેક્સના દરોમાં ફેરફાર અંગેના કોઈ પણ પ્રસ્તાવ પર વર્ષમાં માત્ર એક જ વાર વિચારણા કરશે. નાણા મંત્રાલયના સ્રોતો અનુસાર, હવેથી જીએસટી દરોમાં કરવામાં આવતા તમામ ફેરફારો નવા નાણાકીય વર્ષની શરૂઆત એટલે કે 1 એપ્રિલથી જ અમલમાં મૂકવામાં આવશે.

8 ઓક્ટોબરે યોજાનારી જીએસટી કાઉન્સિલની 57મી બેઠકના એજન્ડામાં દરોમાં ફેરફારનો મુદ્દો સામેલ નથી, પરંતુ અમુક નિયમોને સ્પષ્ટ કરવા અને સુધારવા માટે મર્યાદિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

આગામી બેઠકમાં સ્પષ્ટતા આપવાના હેતુથી કાઉન્સિલ એક મહત્વપૂર્ણ પ્રસ્તાવને મંજૂરી આપી શકે છે, જેમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા થતી ડિલિવરી પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) વગર 5 ટકાનો સિંગલ જીએસટી દર લાગુ થઈ શકે છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, વ્યવસાયો માટે વારંવારના ડિસ્કાઉન્ટ કે રાહતો કરતાં દરોમાં સ્થિરતા વધુ મહત્વની છે, કારણ કે સ્થિર ટેક્સ માળખું કોન્ટ્રાક્ટના ભાવ નક્કી કરવા અને મૂડી રોકાણનું આયોજન કરવામાં મદદ કરે છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમનની અધ્યક્ષતામાં કાઉન્સિલે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચાર તબક્કાના જીએસટી માળખા (5, 12, 18 અને 28 ટકા)ને બદલે 5 અને 18 ટકાનું બે તબક્કાનું માળખું બનાવ્યું હતું. આ ફેરફારથી વપરાશમાં વધારો થયો છે અને ચાલુ વર્ષના જૂન મહિનાથી જીએસટીની માસિક આવકમાં બે અંકમાં વૃદ્ધિ જોવા મળી છે.

## અમેરિકાએ એક ભારતીય સહિત 40 લોકોનું નાગરિક્ત્વ રદ કર્યું

**આ** અમેરિકાની નાગરિકતા રદ કરવાનું આધુનિક ઇતિહાસનું સૌથી મોટું અભિયાન વિદેશી એજન્ટ તરીકે કામ કરવા, જાસૂસી, હત્યા જેવા ગુના કરવા અને અયોગ્ય રીતે નાગરિકતા મેળવનારાઓ સામે કાર્યવાહી

**ભારતીય** મૂળના બલવિંદર સિંહે બે બોગસ ઓળખ ઊભી કરી ગ્રીન કાર્ડ મેળવ્યું હતું

વોશિંગ્ટન, તા. 6 (પીટીઆઈ): અમેરિકાના ન્યાય વિભાગે આધુનિક ઈતિહાસમાં નાગરિકતા રદ કરવાના સૌથી મોટા અભિયાનની શરૂઆત કરતા ભારતીય મૂળની એક વ્યક્તિ સહિત 40 લોકોની નાગરિકતા છીનવી લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ 40 લોકો પર વિદેશી સરકારના એજન્ટ તરીકે કામ કરવા, હત્યા અને ગંભીર ગુનાઓ આચરવા તેમજ ખોટી ઓળખ ઊભી કરીને અમેરિકી નાગરિકતા મેળવવા જેવા ગંભીર આરોપો છે.

ન્યાયિક અધિકારીઓના જણાવ્યા મુજબ આ તમામ લોકોએ જૂઠું બોલીને નાગરિકતા મેળવી હતી.

આ યાદીમાં કેલિફોર્નિયાના ભારતીય મૂળના બલવિંદર સિંહનો પણ સમાવેશ થાય છે. બલવિંદરે 1992માં એક ઓળખ હેઠળ ઈમિગ્રેશન અરજી કરી હતી અને ત્યારબાદ 2003માં બીજી ખોટી ઓળખ ઊભી કરીને ગ્રીન કાર્ડ મેળવ્યું હતું. ફિંગરપ્રિન્ટ્સ દ્વારા સાબિત થયું હતું કે બંને અરજીઓ તેમની જ હતી. તેમણે 2009માં બીજી ઓળખ હેઠળ જ નાગરિકતા મેળવી લીધી હતી, જેના પર હવે 7 ગંભીર આરોપો હેઠળ નાગરિકતા રદ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

આ ઉપરાંત ચાઈનામાં જન્મેલા પૂર્વ યુએસ નેવી સેલર જિનચાઓ વેઈ સામે પણ જાસૂસીના ગુના બદલ નાગરિકતા રદ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે, જેને 200 મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે.


સુરતમાં ૨૬ વર્ષથી
ટેબ®
ટ્રીટમેન્ટ કિલીનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર

નિષ્ણાતની સલાહ અને તુરંત એપોઈમેન્ટ માટે સંપર્ક કરો.
મો.નં. : ૯૦૧૬૩૭૪૨૩૨ ,ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ / ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ,બહુમાળીની સામે, જુના નાવડી ઓવારા નજીક, નાનપુરા, સુરત - ૩૯૫ ૦૦૧ (લીફ્ટ અને વ્હીલચેર ની સેવા ઉપલબ્ધ છે)
દરેક રવિવારે પણ ચાલુ રહેશે. કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.

"હાડકા સાંધા સ્નાયુઓના કોઈ પણ પ્રકારના હઠીલા દર્દો ,સોજા કે જકડન જેમ કે ઘુંટણના ઘસારા, મણકાની નસ દબાવી કે ગાદી દબાવી કે પગના તળીયા માં અગન બળવી કે ઝણઝણાટી થવી વગેરે તકલીફોથી સંપૂર્ણ સાજા થવા માટે ટેબની ૧૦૦% શુધ્ધ આયુર્વેદિક સારવારથી વધુ સારી સારવાર કઈ હોઈ શકે જેનું અમારાથી વધુ સારૂ પ્રમાણ કોણ આપી શકશે ?"



આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ મંજુલાબેન વસાવા
ઉંમર- ૬૪ વર્ષ, વ્યવસાય - ગૃહિણી , સરનામું - ગામ-ઉમલ્લા, મુ.પો. ડભાલ, તા. વાડીયા, જી. ભરૂચ પીનકોડ ૩૯૩૧૨૦
"છેલ્લા દોઢ-બે વર્ષથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે ખુબ જ દુઃખાવાને કારણે જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. થોડું પણ ચાલી શકતી ન હતી કે સીડી ચડી-ઉતરી શકતી ન હતી. આ બધી તકલીફોના કારણે મારા સ્વાસ્થ્ય પર પણ માઠી અસર થવા લાગી હતી. ટેબ વિશે છાપામાં વાંચીને મેં ત્યાંની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફો ઓછી થવા લાગી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને સંપૂર્ણ સારી થયા પછી આજે હું જમીન પર આરામથી બેસી શકું છું, ઉભડક પગે તેમજ પલાંઠી વાળીને પણ બેસી શકુ છું. ચાલવા તથા ઊભા હરીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. ટેબ કિલનીકનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."
દર્દી ની સહી



આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ રેખાબેન રાઠોડ
ઉંમર- ૬૨ વર્ષ, વ્યવસાય - ગૃહિણી , સરનામું - ૩૨૫, માન સરોવર સોસાયટી, તળાવપાસે, ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦
"છેલ્લા દોઢ-બે વર્ષથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે ખુબ જ દુઃખાવાને કારણે જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. થોડું પણ ચાલી શકતી ન હતી કે સીડી ચડી-ઉતરી શકતી ન હતી. આ બધી તકલીફોના કારણે મારા સ્વાસ્થ્ય પર પણ માઠી અસર થવા લાગી હતી. ટેબ વિશે છાપામાં વાંચીને મેં ત્યાંની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફો ઓછી થવા લાગી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને સંપૂર્ણ સારી થયા પછી આજે હું જમીન પર આરામથી બેસી શકું છું, ઉભડક પગે તેમજ પલાંઠી વાળીને પણ બેસી શકુ છું. ચાલવા તથા ઊભા હરીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. ટેબ કિલનીકનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."
દર્દી ની સહી

૧) ઘુંટણો અને અન્ય સાંધાઓના હઠીલા દર્દો (ઓસ્ટીઓ આર્થરાઈટીસ). ૨) કોમળ હાડકાં (ગાદી) ની ઈજાઓ સંબંધિતના હઠીલા દર્દો. (કાર્ટીલેજ ડેમેજ) ૩) લોહીની સંબંધિત ખરાબીઓથી થતાં સાંધાના હઠીલા દર્દો (રૂમેટોઈડ / રૂમેટીક આર્થરાઈટીસ). ૪) ગરદન, કમર અને પીઠ ના મણકાનાં હઠીલા દર્દો (સર્વાઈકલ / લંબર સ્પોન્ડીલાઈટીસ). ૫) ખભાના સાંધા સંબંધિતના હઠીલા દર્દો (ફ્રોઝન શોલ્ડર). ૬) થાપા ના સાંધાના હઠીલા દર્દો / સુજન / અક્કડપણુ (હીપ જોઈન્ટ નેક્રોસીસ). ૭) લંબર કેનાલ સ્ટેનોસીસ / એન્કીલોઝીંગ સ્પોન્ડીલાઈટીસ. ૮) અનેક સાંધા / સ્નાયુઓની ડિફોરમીટીસ અને જકડાપણ સંબંધિત દર્દો. ૯) લીગામેન્ટ ડેમેજ તથા ટેનીસ એલ્બો સંબંધિતના દર્દો. ૧૦) સાંધાની સ્નાયુ પેશીને થયેલી ઈજાઓ સંબંધિતના દર્દો. ૧૧) સંબંધિત લોહી/સ્નાયુના વિકારો જેવા કે પોઝીટીવ આર.એ. ફેક્ટર, સી.આર.પી., એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એન.એ.સી.) વગેરે. ૧૨) ગઠીયા વાટ (ગાઉટ-સીરમ યુરીક એસીડ સંબંધિત દર્દ /જલન અને જકડન)

મહત્વની માહિતીઓ
- ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્ભુત મિશ્રણ છે.
- ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
- ટેબ કિલનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરંતુ પોતાની જ ગૃપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપુર્ણ ઉપચાર કરે છે.
- ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
- શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક દુખદબાવ અને વેદનાશામક અને બીજી કોઈપણ હાનિકારક દવાઓ તથા ઈન્જેકશનનો સમાવેશ બિલકુલ નથી.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે. ટેબના કોઈપણ બે પેશન્ટો વચ્ચે પરિણામોની મુદતમાં ફરક હોઈ શકે.